ભારતીય જનતા પક્ષ
11, અશોક રોડ, નવી દિલ્હી-110001
ફોનઃ 23005700, ફેક્સઃ 23005787

# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

દેશની સામાન્ય જનતા ભાવવધારાના અસહ્ય બોજ હેઠળ ભીંસાઈ રહી છે. સરકારે ફુગાવાના સતત વધતા દબાણમાંથી જનતાને રાહત અપાવવાની જરૂર છે. તેના બદલે સરકાર રેલવેથી માંડીને પેટ્રોલિયમ પેદાશો સુધીના ભાવ વધારીને જનતા પર ઓર બોજ વધારી રહી છે. પેટ્રોલિયમ કંપનીઓને સમયાંતરે ભાવસમીક્ષાની છૂટ આપવાને બહાને સરકારે ડિઝલના ભાવ વધારવાનો નિર્ણય લીધો છે તેને ભાજપ વખોડી કાઢે છે. સરકાર આવી રીતે પોતાની જવાબદારીમાંથી છટકી રહી છે. ભાજપ માને છે કે સરકારે આગામી થોડા દિવસોમાં ડિઝલના ભાવમાં લિટરદીઠ દસ રૂપિયાનો વધારો કરવાનું આયોજન કર્યું છે.

યુપીએના ચૂંટણીઢંઢેરામાં વચન આપવામાં આવ્યું હોવા છતાં સરકારે હજીસુધી હાઈડ્રોકાર્બન ભાવ નીતિ જાહેર કરી નથી. સરકારની નીતિ અને નિર્ણયો વચ્ચે સુસંગતતા નથી. યુપીએ દ્વારા ચાર વખત પેટ્રોલિયમ પ્રધાનો બદલવામાં આવ્યા છે અને 15 વખત ભાવમાં ફેરફારો કરવામાં આવ્યા છે. તેનાથી અર્થતંત્રને કમરતોડ નુકસાન થયું છે.

ડિઝલના ભાવવધારાથી અન્યત્ર માઠી અસર થશે અને ભાવવધારો બેફામ બનશે. તેનાથી પરિવહન અને માલવહન બંનેના ભાવ વધશે. તે ઉપરાંત સિંચાઈ, ટ્રેક્ટર અને કૃષિમાં જરૂરી બિયારણ-ખાતર વગેરેના ભાવ પણ વધશે.

ભારતે પેટ્રોલિયમ પર ઉંચા કરવેરા લાગુ કરેલા છે. કેન્દ્ર સરકાર વર્તમાન નાણાકીય વર્ષમાં રૂ. 2,00,000 કરોડ વસૂલે એવો અંદાજ છે. આ આંકડાએ પહોંચવા વારંવાર ભાવવધારો કરાઈ રહ્યો હોવાની શંકા છે અને તેનાથી સમગ્ર રાષ્ટ્રને અસર થઈ રહી છે. સરકાર એવી અપેક્ષા રાખે છે કે ગ્રાહકોએ ઉંચા કરવેરાની સાથોસાથ આંતરરાષ્ટ્રીય ભાવ ચૂકવવા જોઈએ. પેટ્રોલિયમ કંપનીઓની બિનકાર્યક્ષમતાની કિંમત જનતાએ ચૂકવવી પડી રહી છે, જે અન્યાય છે.

રાંધણ ગેસની ટોચમર્યાદા છમાંથી વધારીને નવ કરવામાં આવી એ ફક્ત આડંબર છે. હકીકતમાં જનતા છેલ્લા 60 વર્ષથી રાંધણગેસ કોઈપણ ટોચમર્યાદા વિના જરૂર મુજબ પ્રાપ્ત કરતી રહી છે. સરકારે સૌથી ખરાબ નિર્ણય લઈ તેના પર છ સિલીન્ડરની ટોચમર્યાદા લાગુ કરી, જે અત્યાચાર સમાન હતી. હવે તેમાં ત્રણ સિલીન્ડરનો વધારો કરવાની બાબત અર્થસભર નથી. સરકારે ટોચમર્યાદાનો નિર્ણય જ પાછો ખેંચી લેવો જોઈએ અને અમર્યાદિત સિલીન્ડરની અગાઉની નીતિ ફરીથી લાગુ કરવી જોઈએ.

(ઓ.પી.કોહલી)
હેડક્વાર્ટર ઈન્ચાર્જ